ગાંધીનગર સમાચાર
તા. ૬-૧-૨૦૧૨, રવિવાર

## તંત્રી સ્થાનેથી.....

# ક્લિનિકલ ટ્રાયલ્સમાં ગરીબોનો દુરૂપયોગ થાય છે, સરકાર મૂક પ્રેક્ષક

તાજેતરમાં સુપ્રીમ કોર્ટમાં ચાલતા ક્લિનિકલ ટ્રાયલના એક જાહેર હિતના કેસમાં સુપ્રીમ કોર્ટના વિદ્વાન ન્યાયાધીશે સરકારી વકીલના માધ્યમથી કેન્દ્ર સરકારને પૂછ્યું કે આવું કયાં સુધી ચાલશે અને આ બાબતમાં તમારી નીતિ શું છે તે સ્પષ્ટ કરો.

આજકાલ એલોપથીનું ચલણ છે. એલોપથી એ સંપૂર્ણપણે પશ્ચિમી, આધુનિક વૈજ્ઞાનિક પધ્ધતિ છે. સાબિતી વિના કોઈ પણ દવાની અસર વિષે તેની દવાની પેટન્ટ મળતી નથી. આથી દવાની કંપનીઓ માટે (ફાર્મસીઓ) કોઈ પણ દર્દની દવા બનાવતી વખતે પહેલાં તેની માનવીઓ પર શું અસર થશે તેનું પરીક્ષણ કરવું ફરજિયાત છે. શરૂમાં તો યુરોપ અને અમેરિકામાં માનવો પર પરીક્ષણ થતાં. પરંતુ માનવ અધિકારોના કાયદાઓ કડક બનતા માનવો પર તેમને જણાવ્યા વિના અને આડ અસરોની જાણકારી આપ્યા વિના પરીક્ષણ ન કરવાના કાયદાઓ આવ્યા. આથી માનવો પરનું પરીક્ષણ અટકી ગયું અને ઉંદરો (ગીનીપીગ) તથા અન્ય પ્રાણીઓ પર પરીક્ષણ કરીને માનવો પર તેની શી અસર પડશે તે નક્કી કરવાની પ્રણાલી અમલમાં આવી. આગળ જતા તેમાં પણ વાંધાઓ પડ્યાં. કેટલીક દવાઓની આડઅસરો અતિશય ભયાનક હોય છે.

દવાની કંપનીઓ કોઈ પણ દવા તેની અસરો નોંધાયા વિના અને તેને સરકારમાં મંજૂર કરાવ્યા વિના સરકારમાંથી પેટન્ટ મેળવી શકાતી નથી. પશ્ચિમી જગતમાં દવા પરીક્ષણના કાયદાઓ કડક થતા દવા કંપનીઓએ બે ઉપાયો અજમાવ્યા. પ્રથમ તો તેમને આફ્રિકા અને એશિયાના વિકાસશીલ દેશોમાં પરીક્ષણ શરૂ કર્યું. પરંતુ સ્થાનિક લોકો, સામાજિક સંસ્થાઓ અને સરકારોએ વાંધાઓ લેતા આ પરીક્ષણો રોકવા પડ્યાં. પછી આ વિદેશી કંપનીઓએ દેશી કંપનીઓ સાથે જોડાણ કર્યું અને દેશી કંપનીઓ મારફત પરીક્ષણો શરૂ થયાં. આજે ભારતમાં અમેરિકા જેવા કડક કાયદા નથી. અને જે કાયદાઓ છે તેનું પાલન થતું નથી.

કેટલાક પરીક્ષણો માત્ર માનવ પર જ કરી શકાય તેવા હોય છે. આવી સ્થિતિમાં જે લોકો પોતાના પર પરિક્ષણ કરાવવા રાજી હોય તેમની પસંદગી કરવાની હોય છે. પછી તેમની પૂર્ણ તપાસ કરવાની અને દવાની શક્ય આડઅસરો વિષે તેમને જાણકારી આપી પછી જ પરીક્ષણ કરવાનું હોય છે. પરીક્ષણ સમય દરમિયાન તેમને નિયંત્રિત સ્થિતિમાં રાખવાના હોય છે. આ રીતે, કાયદા મુજબ બધા પરીક્ષણો કરવા જાય તો તે ખુબ જ મોંઘુ પડે છે. આથી ગરીબ અને જરૂરીયાત વાળા લોકોને પસંદ કરી તેમને થોડાક પૈસા આપી તેમની ઉપર પરીક્ષણો કરવામાં આવે છે. આ સાથે આપણે એ હકીકત પણ ખ્યાલમાં રાખવી જોઈએ કે આજકાલ ફૂટી નીકળેલ 'બ્લડ ડોનેશન કંપનીઓ' પણ રક્તદાનને નામે રક્તનો વેપાર કરતી હોય છે. તેઓ ગરીબોને પૈસા આપી તેમનું લોહી નિયમિતપણે લે છે અને તેમને પૈસા ચૂકવે છે. પછી આ રીતે લીધેલું લોહી તેઓ વેચે છે. આમાં લોહીનું પરીક્ષણ કરવામાં પણ ગડબડ થતી હોય છે અને કયારેક એઈડ્ઝ થયેલા દર્દીઓનું લોહી પણ લેવામાં આવે છે.

આમ દવા અને સારવારને નામે આપણા દેશમાં ઘણું બધું ધુપ્પલ ચાલે છે. હમણાં સુપ્રીમ કોર્ટમાં આનો કેસ શરૂ થયો ત્યારે આમાંની ઘણી બધી વાતો બહાર આવી છે. આ પણ એક ભ્રષ્ટાચાર જ છે.



ગાંધીનગર કડી સર્વ વિદ્યાલયની નર્સિંગ કોલેજ દ્વારા બેટી બચાવો અને બેટી વધાવો કાર્યક્રમ અંતર્ગત શહેરની નજીક આવેલ આલમપુર ગામ ખાતે લોક જાગૃતિનો અનોખો કાર્યક્રમ યોજ્યો હતો. જેમાં સાસુ સંમેલન તેમજ મહિલા જાગૃતિના પણ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા તે પ્રસંગની તસવીર.

# રાજય મધ્યસ્થ ગ્રંથાલયના નિયમિત વાંચકોને વેઠવી પડતી મુશ્કેલી

## રાજ્ય સરકારના અવારનવાર કાર્યક્રમોથી ગ્રંથાલય બંધ થતા વાચકો નારાજ

ગાંધીનગર, તા.૬

રાજયના પાટનગર ગાંધીનગર શહેરમાં આગામી તા.૧૧ થી ૧૩ દરમિયાન યોજાનાર ગ્લોબલ વાઈબ્રન્ટ સમિટ ૨૦૧૩ને લઈ તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ થઈ રહી છે ત્યારે સમિટને અનુલક્ષી ને સેકટર-૧૭ના ગ્રાઉન્ડમાં ઉભા કરાયેલ વિવિધ એકઝીબીશન ડોમની બરોબર વચ્ચે સ્થિત રાજય મધ્યસ્થ ગ્રંથાલયમાં વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરવા આવતા ઉમેદવાર અને વાચકોને ભારે મુશ્કેલીઓ વેઠવી પડે છે. અને અવારનવાર તંત્ર દ્વારા અનેક કાર્યક્રમો માટે લાયબ્રેરીને બંધ કરી દેવામાં આવે છે આથી વાંચન અર્થે આવતા સ્પર્ધકોમાં રોષની લાગણી ફેલાઈ છે.

ગાંધીનગરના સેકટર-૧૭માં રાજય મધ્યસ્થ ગ્રંથાલય આવેલું છે જયાં દરરોજના સંખ્યાબંધ સ્પર્ધકો વાંચન માટે આવે છે. ત્યારે તંત્ર દ્વારા લાયબ્રેરીની નજીક જ ટાઉનહોલ, ટાઉનહોલ સામેની લોનમાં અને હેલીપેડ ગ્રાઉન્ડમાં અનેક કાર્યક્રમો યોજવામાં આવે છે તેમજ અનેક વખત લગ્ન અને રીસેપ્શન પણ અહીં યોજવામાં આવે છે. પરિણામે વાચકોને દરરોજ ઘોંઘાટનો સામનો કરવો પડે છે અને વાંચનમાં એકાગ્રતા જળવાઈ રહેતી નથી ત્યારે હાલ લાયબ્રેરીમાં વાંચન કરવા આવતા વિદ્યાર્થીઓ-ઉમેદવાર અને સ્પર્ધકોને વાઈબ્રન્ટ સમિટને લઈ તગેડી મૂકવામાં આવે છે જેથી વાચકોમાં છૂપો રોષ જોવા મળે છે અને લાયબ્રેરીની આસપાસ અવાર નવાર થતા આવા ઘોંઘાટીયા કાર્યક્રમોને બંધ કરવા માંગણી કરી રહ્યા છે.

# ગાંધીનગર શહેર આંજણા સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓ અને વર્ગ-૧ના અધિકારીઓનું સન્માન

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર શહેરમાં વસતા આંજણા (ચૌધરી) સમાજના પરિવારજનોના સ્નેહમિલન સમારંભમાં સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ, વર્ગ-૧ના અધિકારીઓ, ડોક્ટર અને ખાસ એવોર્ડ વિજેતાઓનું મહાનુભાવોની ઉપસ્થિતિમાં સન્માન કરવામાં આવ્યું હતું.

શ્રી આંજણા (ચૌધરી) સેવા મંડળ, ગાંધીનગરના પ્રમુખ શ્રી મણીભાઈ ચૌધરીએ સ્વાગત પ્રવચનમાં સેવા મંડળની વિકાસલક્ષી પ્રવૃત્તિઓની માહિતી આપી હતી. સમાજના દાતાઓ દ્વારા શિક્ષણક્ષેત્રે મળેલ માતબર દાનના કારણે સમાજનો શિક્ષણક્ષેત્રે નોંધપાત્ર વિકાસ થયો છે. સામાજિક સંગઠનો અને મંડળો સમાજનો વિકાસ કરે છે. સમાજના સર્વાંગી વિકાસનો આધાર નેતૃત્વ પર નિર્ભર છે. તેમ જણાવ્યું હતું.

આરોગ્ય અને વાહન વ્યવહાર રાજયમંત્રીશ્રી પરબતભાઈ પટેલે જણાવ્યું હતું કે આંજણા ચૌધરી સમાજ સંગઠિત અને જાગૃત બન્યો છે અને ઉદ્યોગ ધંધા અને શિક્ષણક્ષેત્રે નોંધપાત્ર પ્રગતિ કરી છે. ગાંધીનગરથી કન્યા કેળવણીની શરૂઆત થઈ છે. જેના પરિણામો આજે સમાજને મળ્યાં છે. સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં પણ યુવાનોને માર્ગદર્શન મળી રહે તે માટે કોચીંગ કેમ્પોનું આયોજન સમાજ કરે છે તે ખૂબ જ આવકારદાયક બાબત છે. સ્નેહમિલન સમારંભો અને મંડળો સમાજને સંગઠિત કરે છે. તંદુરસ્ત સમાજ ઘડતરનું નિર્માણ થશે અને વધુ પ્રગતિ સાધી શકશે. સમાજના મેળાવડાથી વિચારોનું આદાન-પ્રદાન અને આત્મિયતા જેવા ગુણોથી સમાજની પ્રગતિ વધુ થાય છે.

આ પ્રસંગે ઉપસચિવ શ્રી ડાહ્યાભાઈ ચૌધરી, નાયબ માહિતી નિયામક શ્રી નરેશ ચૌધરી, ડી.વાય.એસ.પી. શ્રી જગદીશ ચૌધરી, શ્રી ભીખાભાઈ ચૌધરી અને શ્રી દિનેશભાઈ ચૌધરી, ઈસરોના વૈજ્ઞાનિક શ્રી કરશનભાઈ ચૌધરી, આસીસ્ટન્ટ ફીશરીઝ કમિશનર શ્રી મહેન્દ્રભાઈ ચૌધરી, સાત વરસની એઈજ ગૃપમાં કરાટે વિજેતા નીવડેલા શ્રી ધૃવિશ ચૌધરી સહિત વિશિષ્ટ વ્યક્તિઓ અને સમાજના તેજસ્વી તારલાઓ તથા તબીબો, પી.એચ.ડી. પદવીધારકોને અને દાતાઓને મંત્રીશ્રીએ સન્માન્યા હતા.

વાવ વિસ્તારના ધારાસભ્ય અને ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટીના મહામંત્રી શ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે ગાંધીનગર ચૌધરી સમાજનું એક ગામ બની ગયું છે. સમગ્ર ગુજરાતના તમામ ગોળના પરિવારો અહીં વસે છે. ચૌધરી સમાજની નવી પેઢી સમયને અનુરૂપ એડવાન્સ ટેકનોલોજી અને નોલેજ પ્રમાણે આગળ વધે તેવી અપેક્ષા તેમણે વ્યક્ત કરી હતી.



આ પ્રસંગે મહામંત્રી શ્રી કાંતિભાઈ ચૌધરી, આંજણા કેળવણી મંડળના પ્રમુખ શ્રી એમ. કે. ચૌધરી સહિત અગ્રણી મહાનુભાવોએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા.

સમારંભના ભોજનના દાતા શ્રી નાથાલાલ ડી. ચૌધરીનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.

આ સ્નેહમિલન સમારોહમાં વિશાળ સંખ્યામાં ચૌધરી સમાજના પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા. આભારવિધિ શ્રી વિષ્ણુભાઈ નાથાલાલ ચૌધરીએ કરી હતી.

# શિયાળાની ફૂલ ગુલાબી ઠંડીમાં વિવિધ ડે ની ઉજવણી

ગાંધીનગર, તા. ૬

શિક્ષણનગરી સમા ગાંધીનગર શહેરમાં શિયાળાની શરૂઆત થતાની સાથે જ નગરની વિવિધ શાળા-કોલેજમાં વિવિધ 'ડે' અને વાર્ષિક મહોત્સવનું આયોજન ઉત્સાહપૂર્વક કરવામાં આવી રહ્યું છે. જેમાં વિદ્યાર્થીઓ ભારે હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરી રહ્યા છે.

શિયાળાની ફુલ ગુલાબી ઠંડીનો પ્રારંભ થતાની સાથે જ રાજ્યની વિવિધ શાળા કોલેજોમાં અભ્યાસ ઉપરાંત ઈતર પ્રવૃત્તિઓ પણ શરૂ કરી દેવામાં આવે છે. જેના ભાગરૂપે શાળા-કોલેજમાં વિદ્યાર્થીઓ પણ આ તૈયારીઓમાં લાગી જાય છે. હાલ આ ચુસ્તી ફુર્તીવાળી સિઝન શિયાળામાં વિદ્યાર્થીઓમાં સ્પૂર્તિ જળવાઈ રહે તે માટે અનેક વિધ વાર્ષિક મહોત્સવ, સ્પોર્ટસ, મહોત્સવ અને વિવિધ ડે ની ઉજવણી થઈ છે. ત્યારે ગાંધીનગરમાં પણ વિવિધ ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ શાળા કોલેજોમાં વિદ્યાર્થીઓ રોઝ ડે, સાડી ડે, ટ્રેડીશનલ ડે, બ્લેક એન્ડ વાઈટ ડે, ચોકલેટ ડે, સ્કૂલ ડે, પર્યાવરણ ડે, સૂટ અને ટાઈ ડે, લેંગ્વેજ ડે વિગેરે ડે અને વાર્ષિક મહોત્સવમાં ભાગ લઈ રહ્યા છે અને ઉત્સાહપૂર્વક અને મહોત્સવની ઉજવણી કરી રહ્યા છે. ઉપરાંત સ્પોર્ટસ મહોત્સવમાં પણ વિવિધ રમતોમાં અને સ્પર્ધામાં ભાગ લઈ રહ્યા છે. શિયાળાની સિઝનની મજા માણી રહ્યા છે.

## પી.એચ.ડી.ની ડીગ્રી મેળવી



જેતપુર આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં સંસ્કૃતના અધ્યાપક તરીકે સેવા આપતા પ્રા. જીતેન્દ્રભાઈ ઈશ્વરલાલ ટેલરે તાજેતરમાં કડી સર્વ વિશ્વ વિદ્યાલય ગાંધીનગરમાંથી 'સદાનંદકૃત વેદાન્ત સાર-મૂળ ગ્રંથ અને ટીકાઓ-એક સમીક્ષાત્મક અધ્યયન' એ વિષય પર સંસ્કૃત ભાષામાં મહાશોધ નિબંધ લખીને પી.એચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી છે. સંસ્કૃતના વિદ્વાન અને હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના પૂર્વાધ્યક્ષ પ્રો. ડૉ. અંબાલાલ પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ જીતેન્દ્રભાઈએ પી.એચ.ડી.ની ડીગ્રી મેળવી છે.



સાબરમતી મેરેથોનને આજે ખુબ સારો પ્રતિસાદ મળ્યો હતો. મોટી સંખ્યામાં લોકો મેરેથોનમાં જોડાયા હતા. મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ અમદાવાદમાં શિયાળાની શીત લહેરના ઠંડીના વાતાવરણમાં પણ જોમ-જુસ્સાથી થનગનના ૧૮,૦૦૦થી અધિક આબાલ-વૃદ્ધોની દોડ સાબરમતી-અમદાવાદ મેરેથોનનો રવિવારની વહેલી સવારે પ્રારંભ કરાવ્યો હતો.

# ગાંધીનગર જિલ્લા ભારત સ્કાઉટ ગાઈડ સંઘ દ્વારા જિલ્લા રેલી યોજાઈ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લા ભારત સ્કાઉટ ગાઈડ સંઘ આયોજીત જિલ્લા રેલી ગાંધીનગરમાં વન તાલીમ અને સંશોધન સંકુલમાં યોજાઈ હતી. જેમાં દહેગામ, માણસા, કલોલ અને ગાંધીનગરના પ્રાથમિક, માધ્યમિક શાળાઓના ૩૫૦ ભાઈઓ-બહેનો ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને કાર્યક્રમને માણ્યો હતો.

શિબિરાર્થીઓને વન સંરક્ષક હેમંતભાઈ સુથાર દ્વારા સ્લાઈડ શો,ફિલ્મ દર્શાવાઈ હતી. રાત્રે કેમ્પ ફાયર યોજાયું હતું. જેમાં શૈલેષભાઈ પટેલ, બળદેવભાઈ ચૌધરી, મનહરભાઈ પટેલ દ્વારા પ્રાસંગિક વક્તવ્ય યોજાયા હતા અને બાળકોએ નાટક, ગરબા, રાસ, લોકગીત જન જાગૃતિના કાર્યક્રમો રજૂ કર્યા હતા. મુસ્લીમ, ખ્રિસ્તી, જૈન, પંજાબી બાળકોએ આ પ્રસંગે સર્વધર્મ પ્રાર્થના રાજુભાઈ પટેલની ઉપસ્થિતિમાં કરી હતી. ધ્વજવંદન દુર્ગાબેન રામોલના હસ્તે કરવામાં આવ્યું હતું. ઈન્દ્રવદન પંડ્યાએ તથા મહામંત્રી અંજનાબેન ચૌધરીએ, રતીલાલ જોષીએ, મણીભાઈ ચૌધરીએ આ પ્રસંગે મુખ્ય મહેમાનોને સ્કાફ પહેરાવી આવકાર્યા હતા. ટ્રેકીંગ અને વન ભ્રમણને ઝંડી બતાવી પથ સંચાલન અશોકભાઈ રાવલ અને બી.એફ. ચૌહાણે કરાવ્યું હતું. જિલ્લા રેલીના વિવિધ કાર્યક્રમોમાં વિદ્યાર્થીઓ ખાસ જોડાયા હતા અને વિજેતા બન્યા હતા. ધણપની આદર્શ સંસ્કારતીર્થ પડુસ્મા પ્રાથમિક શાળા, જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલય અને જે.એમ. ચૌધરી પ્રાથમિક શાળા અનુક્રમે સ્કાઉટ માધ્યમિક, સ્કાઉટ પ્રાથમિક, ગાઈડ માધ્યમિક અને ગાઈડ પ્રાથમિક વિભાગમાં વિજેતા થઈ હતી. વિજેતાઓને ફરતો શિલ્ડ એનાયત થયો હતો.સમગ્રરેલીનાપ્રોજેક્ટ ડાયરેક્ટર તરીકે નરેન્દ્રભાઈ ભાવસારે પ્રસંશનીય સેવાઓ આપી હતી. રેલીને સફળ બનાવવા સંતોકબેન ચૌધરી, યોગીનીબેન મજમુદાર, હિતેન્દ્રસિંહ રાઠોડ, યુવરાજસિંહ વાઘેલા વગેરેએ ભારે જહેમત ઉઠાવી હતી.



## એસ.એસ. પટેલ કોલેજ દ્વારા ત્રીજી કાવ્યપઠન અને કાવ્ય રચના શિબિર યોજાઈ

ગાંધીનગર સેકટર-૨૩ ખાતે આવેલ એસ.એસ. પટેલ કોલેજમાં કાવ્યપઠન અને કાવ્ય રચના શિબિર યોજાઈ ગઈ. વિદ્યાર્થીઓના રસને ધ્યાનમાં લઈને ચાલુ વર્ષે ત્રીજી વખત આ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. કડી સર્વ વિશ્વ વિદ્યાલય ગાંધીનગર સંચાલિત એસ.એસ. પટેલ બી.ઍડ. કોલજની લાઈબ્રેરીમાં કાવ્યપઠન અને કાવ્ય રચના શિબિરનું આયોજન સવારે ૯.૦૦ કલાકે કરવામાં આવ્યું હતું. જેમાં કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંચાલિત વિવિધ શૈક્ષણિક વિભાગોમાં કાવ્યપઠન અને લેખનમાં રસ ધરાવતાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. શિબિરના તજજ્ઞ તરીકે નરેન્દ્રભાઈ જાનીએ કવિતા એટલે? તેની રચનામાં ધ્યાન રાખવા જેવી બાબતોની સાથે સાથે પૂર્વ અને પશ્ચિમના કવિઓની ઉત્તમ રચનાનું પઠન અને એની વિસ્તૃત છણાવટ કરી હતી. તેમજ પ્રેમાનંદ, આનંદવર્ધન અને રાજેન્દ્ર શાહ, ઝવેરચંદ મેઘાણી, નિરંજન ભગત તેમજ ટી.એસ. ઈલિયટ જેવાં કવિઓની રચનાઓ પ્રસ્તુત કરીને કવિતામાંથી ઉદ્ભવતો ધ્વનિ અને રાગ વિશે એમણે કરેલી છણાવટ ખૂબ જ ઉપયોગી રહી હતી. આ શિબિરમાં કાવ્યપઠનમાં પત્રકારત્વના વિદ્યાર્થી અજય ઉપાધ્યા અને બી.ઍડ વિભાગમાંથી નીલેશ પટેલે પોતાની સ્વ-રચિત કાવ્યપઠન કર્યું હતું. કાર્યક્રમનું સફળ સંચાલ ભરતભાઈ પટેલ અને લાઈબ્રેરીયન માયાબહેન પટેલે કર્યું હતું.

# રાષ્ટ્રકથા શિબિરમાં હજારો વિદ્યાર્થીઓએ જ્ઞાનવાણીનો લાભ લીધો

રાજકોટ, તા.૬

દેશની આઝાદી માટે રાષ્ટ્રના મહાપુરૂષોએ કરેલ મહાસંઘર્ષ અને તેમના કાર્યોને યાદ કરી તેમના જીવન સંદેશને આપણ જીવનમાં ઉતારી રાષ્ટ્રીય સેવામાં સમર્પિત થઈ રાષ્ટ્રીય ઋણ અદા કરવાનું આહવાન રાજયના રાજયપાલશ્રી ડૉ. શ્રીમતી કમલાજીએ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત યુવાન-યુવતીઓને કર્યું હતું.

રાજકોટ જિલ્લાના ઉપલેટા તાલુકાના પ્રાંસલા મુકામે ૧૫મી રાષ્ટ્રકથા શિબિરમાં રાજયના રાજયપાલશ્રી ડૉ. શ્રીમતી કમલાજીએ ઉપસ્થિત હજારો બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા અને શિબિરાર્થીઓને શાળાકીય અભ્યાસની સાથે વિવિધ સર્જનાત્મક બાબતોની સૂઝ કેળવવા અને જીવનમાં ઉચ્ચ મુલ્યોને આત્મસાત કરવાની શીખ આપતા તેમણે જણાવ્યું હતું કે આ આઠ દિવસની શિબિર દ્વારા કિતાબી શિક્ષણ નહિ પણ જીવન શિક્ષણ આપવામાં આવે છે જે તમારા માટે ખુબ જ ઉપયોગી બની રહેશે.

પ્રાંસલા જેવા ઉંડાણના ગ્રામીણ વિસ્તારમાં આ પ્રકારની શિબિર કરવી તે આયોજકો માટે ખૂબ જ સરાહનીય બાબત છે જે માટે સ્વામિ ધર્મબંધુજી અને વૈદિક મીશન ટ્રસ્ટ અભિનંદનને પાત્ર છે તેમજ સમાજમાં કુરીવાજ બદીઓ દૂર કરવા દરેક વ્યકિતએ સંસ્થાએ, સમાજે પ્રતિબધ્ધ થવું જરુરી છે.

આ પ્રસંગે રાજયપાલશ્રી ડૉ. શ્રીમતી કમલાજીના વરદ હસ્તે અન્ય રાજયમાંથી વિદ્યાર્થીઓ સાથે આવેલ ગુરુજીઓનું શાલ ઓઢાડીને ગૌરવપ્રદ સન્માન કરવામાં આવ્યું હતું તેમજ સમાજ અગ્રણીઓનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.

રાષ્ટ્રકથા શિબિરના વિશાળ પટાંગણમાં નેશનલ ડિઝાસ્ટર રીસ્પોન્સ ફોર્સ દ્વારા ડિઝાસ્ટર સમયે ઉપયોગમાં લેવામાં આવતા અદ્યતન સાધનોનું પ્રદર્શન યોજવામાં આવ્યું છે. જેનો બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ ગ્રામજનો લાભ લઈ રહ્યા છે. આ પ્રદર્શન અંગે નેશનલ ડિઝાસ્ટર રીસ્પોન્સ ફોર્સના અધિકારીશ્રી એસ.જે. રાણાએ વિસ્તૃત માહિતી પુરી પાડી હતી.

આ પ્રસંગે શિબિરમાં વકતા સર્વશ્રી બી.કે. સીંગ, રવિન્દ્રકુમાર, શ્રી રણબીર મહેતા, શ્રી બી.આર. ઘોડાસરાએ પ્રાસંગિક ઉદબોધન દ્વારા યુવાનોને જ્ઞાનબોધ આપ્યો હતો. સ્વાગત પ્રવચન શ્રી નિર્ભય શર્માએ તથા આભારવિધિ સ્વામી ધર્મબંધુજીએ કરી હતી. શિબિરના સાતમા દિવસે વિશાળ સંખ્યામાં યુવક-યુવતીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

## આવો અંગ્રેજી શીખીએ

- ચેતના બુચ

મિત્રો,

આપણે ગયા સપ્તાહે વિશેષણોનાં, પ્રકાર શીખ્યા, તેમજ આજપર્યંત વાક્ય રચના ઉપયોગી અંગ સમા સર્વનામોનો અને આર્ટીકલોનો પણ અભ્યાસ કર્યો. હવે, આજે વાક્ય એટલે શું અને તેના પ્રકારોની ચર્ચા કરીએ.

પ્રસ્તાવના :

આપણે બોલતી વખતે કે લખતી વખતે કેટલાક શબ્દોને સાથે વાપરીએ છીએ તેને શબ્દ સમૂહ કહેવાય.

શબ્દ સમૂહબ ચોક્કસ અર્થ આપે તો તેને વાક્ય કહેવાય.

**e.g. My Father is going to a Shoping Centre.**

પરંતુ શબ્દોને સમૂહમાં વાપરવા છતાં પણ પૂરો અર્થ ન આપે તેને **Phrase** કહેવાય.

- કેટલીકવાર એક જ શબ્દમાંથી પૂરો અર્થ નીકળે તો તેને વાક્ય કહેવાય.

**e.g. Read**
**Remamber**

ઉપરોક્ત બંને શબ્દો છે તેમાં **you** અધ્યાહાર છે.

હવે, વાકયોનાં જુદા જુદાં પ્રકારોનો અભ્યાસ કરીએ.

**Kind of Sentences** (વાક્ય પ્રકારો)

**(1) Assertive Sentence**

(હકાર વાક્ય)

- જે વાક્યમાં કોઈક ચોક્કસ વિધાન કરેલું હોય તે વાક્યને વિધાન વાક્ય કે હકાર વાક્ય કહેવાય.

**e.g. I am watching T.V. Serial.**
**Suchi will go to Delhi Next Week.**

(પ્રશ્નાર્થ વાક્ય)

- જે વાક્યમાં પ્રશ્ન પૂછાયો હોય તે વાક્યને પ્રશ્નાર્થ વાક્ય કહેવાય.

પ્રશ્નાર્થ વાક્યની શરૂઆત **to be** ના રૂપો **am, is, are, was, were** કે **Wh-word** જેવાં કે **What, Wher, Why, When** કે થી **How** થાય. ઘણી વાર સહાયર ક્રિયાપદો **Can, Could, may, might, whould, should** થી પણ થાય.

**e.g. Is this your book ?**
**Where are you going now ?**

મિત્રો, આજે પરિચયાત્મક શબ્દોના વિભાગમાં આંદોલન (**Agi-tation**) પર નવા શબ્દોનો પરિચય મેળવીએ.

**Refutation** (રિફ્યુટેશન) રદિયો
**Communality** (કોમ્યુનાલીટી) આમજનતા
**Ablaze** (એબ્લેઝ) ભડકે બળતું
**Stricture** (સ્ટ્રીકચર) સખત ટીકા
**Communique** (કોમ્યુનિક) સત્તાવાર યાદી